# ગોલ્ડ મૉનેટાઇઝેશન સ્કીમ આકર્ષક છે, પરંતુ સરકારે વ્યવહારુ સમસ્યાઓ દૂર કરવાની જરૂર

ટૅક્સ રામાયણ
પરેશ કપાસી



હાલમાં સરકાર ગોલ્ડ બૉન્ડની યોજનાનો વધુ એક ઇશ્યુ લાવી હતી. હવે સરકાર સુધારિત ગોલ્ડ મૉનેટાઈઝેશન સ્કીમ લઈને આવી છે. લોકો ઘરમાં કે લૉકરમાં ભાડું ભરીને સોનું સાચવવાને બદલે બૅન્કને સાચવવા આપે અને એના બદલામાં કરમુક્ત વ્યાજ પણ મેળવે એવી આ આકર્ષક સ્કીમ છે.

તમે એક વર્ષમાં ઓછામાં ઓછું ૧૦ ગ્રામ સોનું સિક્કા, લગડી કે ઘરેણાંના સ્વરૂપમાં બૅન્કમાં જમા કરાવી શકો છો. મહત્તમ કોઈ મર્યાદા નથી.

સોનાની શુદ્ધતા તમારી હાજરીમાં તપાસવામાં આવે છે અને તમે એ માપ સાથે સહમત થાઓ અને સોનું જમા કરવાનો નિર્ણય લો તો જ એને બૅન્કમાં જમા કરવામાં આવે છે. સોનાની શુદ્ધતા ૯૯૫ ફાઈનનેસની રાખવામાં આવે છે. તમને માપથી સંતોષ ન હોય તો તમે એ સોનું પાછું લઈ જઈ શકો છો. તેની શુદ્ધતાની ચકાસણી માટેનો ખર્ચ તમારે સહન કરવો પડે છે.

ભારતીય નાગરિકો, એચયુએફ, પ્રોપરાઇટરી અને ભાગીદારી પેઢી, ટ્રસ્ટ (જેમાં મ્યુચ્યુઅલ ફન્ડ્સ અને એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડ્સ પણ સામેલ છે), કંપનીઓ, ચૅરિટેબલ સંસ્થાઓ વગેરે આ સ્કીમ હેઠળ સોનું જમા કરાવી શકે છે.

ગોલ્ડ મૉનેટાઈઝેશન સ્કીમ હેઠળ ત્રણ અલગ-અલગ સમયગાળા માટે સોનું જમા કરાવી શકાય છે :

૧) એકથી ત્રણ વર્ષના ટૂંકા ગાળા માટે

૨) પાંચથી સાત વર્ષના મધ્યમ ગાળા માટે અને

૩) બારથી પંદર વર્ષના લાંબા ગાળા માટે

સરકારે જાહેર ક્ષેત્રની તમામ બૅન્કો મારફતે આ સ્કીમ અમલમાં મૂકી છે.

ટૂંકા ગાળા માટેની ડિપોઝિટ માટેનો વ્યાજદર દરેક બૅન્ક પોતે નક્કી કરી શકે છે. મધ્યમ અને લાંબા ગાળા માટેનો વ્યાજદર કેન્દ્ર સરકાર રિઝર્વ બૅન્કની સાથે સલાહમસલત કર્યા બાદ નક્કી કરે છે. હાલ મધ્યમ ગાળા માટે ૨.૨૫ ટકા તથા લાંબા ગાળા માટે ૨.૫ ટકાનો વાર્ષિક વ્યાજદર નક્કી કરવામાં આવ્યો છે. મધ્યમ ગાળા માટેનો લૉક-ઇન પીરિયડ ત્રણ વર્ષનો છે, જ્યારે લાંબા ગાળા માટે લૉક-ઇન પાંચ વર્ષનું છે.

આ યોજના હેઠળ આપવામાં આવતું વ્યાજ ભારતીય રૂપિયામાં ગણવામાં આવે છે અને સોનું જમા કરતી વખતે એનું જે મૂલ્ય હોય તેના પર તેની ગણતરી કરવામાં આવે છે. અગાઉ જણાવ્યું એમ મધ્યમ




અને લાંબા ગાળા માટે બૅન્કો કેન્દ્ર સરકાર વતી ડિપોઝિટ લે છે. લૉક-ઇન પીરિયડ પૂરો થયા બાદ સંપૂર્ણ કે આંશિક ઉપાડ કરી શકાય છે. મુદત પૂર્વેના ઉપાડ માટે અમુક દંડ રાખવામાં આવ્યો છે. મુદત પૂરી થાય ત્યારે ઉપાડ કરવામાં આવે તો જમા કરવામાં આવેલા સોનાનું મૂલ્ય ભારતીય રૂપિયામાં ચૂકવવામાં આવે છે. સોનું જોઈતું હોય તો સોનું આપવામાં આવે છે. જોકે મધ્યમ ગાળામાં મુદત પૂર્વે ઉપાડ કરવામાં આવે તો ફક્ત રૂપિયા આપવામાં આવે છે, સોનું નહીં. જો પાકતી મુદતે ઉપાડ કરવાના સમયે જે સોનું સ્ટાન્ડર્ડ લગડી કે સિક્કાના સ્વરૂપે ઉપલબ્ધ ન થઈ શકે એટલા સોનાની સામે તેના મૂલ્યની ચુકવણી ભારતીય રૂપિયામાં કરવામાં આવે છે. વ્યાજ ફક્ત ભારતીય રૂપિયામાં જ ચૂકવવામાં આવશે.

એકલા નામે કરાવાયેલી ડિપોઝિટ માટે નોમિનેશનની સુવિધા આપવામાં આવે છે. મધ્યમ અને લાંબા ગાળા માટે કરાવાયેલી ડિપોઝિટ પરનું વ્યાજદર વર્ષે ૩૧ માર્ચે ચૂકવવામાં આવે છે. જો ડિપોઝિટધારક ધારે તો પાકતી મુદતે ચક્રવૃદ્ધિ ધોરણે વ્યાજ મેળવી શકે છે. વ્યાજ કેવી રીતે જોઈએ છે એનો નિર્ણય સોનું જમા કરતી વખતે જ લેવાનો હોય છે.

આ યોજનાની ખાસિયત તેનું કરમુક્ત માળખું છે. તેના વ્યાજની આવક કરમુક્ત હોવાથી વેલ્થ ટૅક્સ પણ લાગુ પડતો નથી.

જોકે વ્યવહારુ દૃષ્ટિએ સરકારે આ યોજનાને વધુ આકર્ષક બનાવવાની જરૂર છે. સામાન્ય રીતે લોકો વધુ સોનું જમા કરાવતાં ડરે છે, કારણ કે એમને ડર હોય છે કે જો વધુ સોનું કરવેરા ખાતાના ધ્યાનમાં આવી જશે તો કરવેરા અધિકારીઓ પાછળ પડી જશે.

આથી આ યોજનાનો લાભ લેનારા લોકો પણ સાવ ઓછા પ્રમાણમાં સોનું જમા કરાવે છે. વળી સોનું જમા કરાવતી વખતે એના મૂલ્યમાં આવતી ઘટ પણ લોકો સહન કરી શકતા નથી. ઘરેણાંના સોનાની શુદ્ધતા બાબતે હંમેશાં તકરાર પડતી હોય છે. આવી અમુક વ્યવહારુ સમસ્યાઓને સરકારે દૂર કરવાની જરૂર છે.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.